## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હું યુટ્યુબમાં જોઇને રેસીપી બનાવુ છુ... તમને આ ડીશ ખાવાની હિંમત ન થતી હોય તો, ડીશ બને આવી અજાણી ડીશ પચાવવા શું કરવુ એ વિડીયો જોઇ નાખો..!



સેક્ટર-૩૦ના બ્રીજની સમાંતર બનાવેલી ગટરલાઈન કોઈપણ સેફ્ટી વિના સાવ ખુલ્લી જોવા મળી રહી છે. રાત્રીના સમયે જો કોઈ વ્યક્તિ પગપાળા અહીંથી પસાર થાય તો ચોક્કસ ગટરમાં ખાબકી શકે છે. તંત્રની આવડી મોટી બેદરકારી ક્યારેક અકસ્માતનુ કારણ બની શકે છે.

# સિવિલના રેડીયોલોજી વિભાગમાં સ્ટાફની અછત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રેડીયોલોજી વિભાગમાં સોનોગ્રાફીમાં લાંબી લાઈનો લાગી રહી છે. રોજ ૧૮૦થી ૨૦૦ દર્દીઓની સોનોગ્રાફી કરવામાં આવે છે. રેડીયોલોજી વિભાગમાં સ્ટાફની અછત વચ્ચે ડોકટર્સ અને કર્મચારીઓ કામગીરી કરી રહ્યા છે. ત્યારે એમઆરઆઈ મશીન કાર્યરત થતા રેડીયોલોજી વિભાગમાં ડોકટર્સ કે ટેકનીશીયનની ભરતી કરવામાં નહી આવે તો આ વિભાગનું કામ ચગડોળે ચડશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોટાભાગના વિભાગમાં સ્ટાફની અછત જોવા મળે છે. જયારે બીજીતરફ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવ થી માંડીને ડાયાલીસીસ સુધીની સારવાર થતી હોવાથી દર્દીઓનો ધસારો રહે છે.હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થતા ગાંધીનગર સહિત આસપાસના જિલ્લામાંથી દર્દીઓ સારવાર માટે આવે છે. ત્યારે સિવિલના રેડીયોલોજી વિભાગમાં સ્ટાફની અછત વચ્ચે કામગીરી કરવામાં આવે છે. રેડીયોલોજી વિભાગમાં રોજના ૧૮૦થી ૨૦૦ જેટલા દર્દીઓની સોનોગ્રાફી કરવામાં આવે છે.

તે ઉપરાંત એકસ-રે, સીટીસ્કેનના દર્દીઓ પણ નોંધનીય હોય છે.ત્યારે નવી બિલ્ડીંગમાં એમઆરઆઈ મશીન ટુંક સમયમાં કાર્યરત થવાનું છે. ત્યારે રેડીયોલોજીના સ્ટાફ દ્વારા જ તેની કામગીરી સંભાળવાની છે. ત્યારે રેડીયોલોજી વિભાગ અને એમઆરઆઈ મશીન વચ્ચે આવવા જવાનું અંતર પણ વધુ છે. ત્યારે એમઆરઆઈ મશીન શરુ થયા પછી જો સ્ટાફની ભરતી કરવામાં નહી આવે તો રેડીયોલોજીનુ કામ ખોરંભાઈ જશે. જયારે સ્ટાફના કર્મચારીઓ પણ આમ થી તેમ ફંગોળાતા રહેશે. ત્યારે હાલ પણ સ્ટાફ અપુરતો હોવાના કારણે સોનોગ્રાફી માટે કેટલાક દર્દીઓને અઠવાડીયા પછીની તારીખ આપવામાં આવે છે. જેને પગલે દર્દીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

# મગોડી પાસે રોડ ક્રોસ કરી રહેલા યુવકને પીકઅપ-ડાલાએ ટક્કર મારી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના મગોડી બળીયાદેવ મંદિર નજીક માર્ગ ઓળંગી રહેલા યુવકને પીકઅપ ડાલાએ ટક્કર મારતા માર્ગ પર પટકાયો હતો. યુવકને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. શહેરના સેકટર-૧૪ ગોકુળપુરા ખાતે રહેતા સંજયભાઈ વાગજીભાઈ દેસાઈ પરિવાર સાથે રહીને પશુપાલનનો વ્યવસાય કરે છે. સંજયભાઈના પરિવારમાં માતા-પિતા, મોટાભાઈ અને એક બહેન છે. જયારે સૌથી મોટા રાજુભાઈ કોટક મહીન્દ્રા બેંકમાં કલેકશન વિભાગમાં નોકરી કરે છે. ગત તા.૨૪ના રોજ બપોરના સમયે તેઓ મગોડી ગયા હતા. મગોડી ગામે બળીયાદેવ મંદિર પાસે બાઈક પાર્ક કરી તેઓ રોડ ઓળંગી રહ્યા હતા. તે સમયે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પીકઅપ ડાલાએ યુવકને ટક્કર મારી હતી. જેથી યુવક માર્ગ પર પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોચી હતી. જેથી ગામના યુવકે ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યારે બનાવ અંગે પુછતા ગામના યુવકે જણાવ્યું હતું કે રાજુભાઈ બાઈક રોડની સાઈડમાં પાર્ક કરી રોડ ક્રોસ કરતા હતા. તે સમયે પીકઅપ ડાલાના ચાલકે ટક્કર મારી ઈજા પહોંચાડી હતી. જયારે ગામમાં ગેરેજ ચલાવતા યુવકે પીછો કરી અકસ્માત સર્જીને ભાગી જનાર પીકઅપ ડાલાનો નં. જી.જે.૧૮.બી.ટી.-૦૫૮૩ છે. જેથી સંજય દેસાઈએ પીકઅપ ડાલાના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ખોડીયાર યાર્ડમાંથી સિમેન્ટ પ્લાન્ટ પાસેથી પાર્ક કરેલ ટ્રેલરની ટ્રોલી ચોરાઈ

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર ખોરજ ગામની સીમમાં આવેલા ખોડીયાર યાર્ડમાં સ્થિત સિમેન્ટ પ્લાન્ટ પાસે થી ટ્રેલરની ટ્રોલીની ચોરી થવા પામી છે. પીળા રંગની ૪૦ ફુટ લાંબી ટ્રોલી અને ટાયર મળી કુલ રૂ.૩ લાખની કિંમતની ચોરી થતા પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ પ્રહલાદનગર ખાતે રહેતા ધર્મેશ વેકરીયા પરિવાર સાથે રહે છે અને ડીએચએલએમ એન્ટરપ્રાઈઝ નામથી ટ્રાન્સપોટેશનનો ધંધો કરે છે. જેમાં ખોડીયાર કન્ટેનર ખાતે જે માલ-સામાન આવે છે. તેની હેરફેર માટે તેઓની પાસે ૯ ટ્રેલર ટ્રક છે.

ગત તા.૮ મે ૨૩ ના રોજ તેઓ વતન કચ્છ ગાંધીધામ ખાતે હતા તે સમયે સ્ટાફના મુર્ગનભાઈએ ધર્મેશભાઈને ફોન કરીને જણાવ્યું કે તા.૫-૫-૨૩ ના રોજ ડ્રાઈવર માનસીંગભાઈ યાદવ ટ્રેલર નં.જી.જે.૦૬.એ.ઝેડ.-૯૩૩૬ માં ખોડીયાર યાર્ડ થી કન્ટેનર ભરી કઠવાડા ખાતે સામાન ખાલી કરી પરત યાર્ડમાં ખાલી કન્ટેનર રાત્રીના આઠ વાગે સિમેન્ટ પ્લાન્ટની પાસે લોક મારી પાર્ક કરી ઓફિસે ચાવી જમા કરાવી હતી.

ત્યારબાદ ડ્રાઈવર વતનમાં રજા પર ગયો હતો. જયારે તા.૮-૫-૨૩ ના રોજ જે સ્થાને ટ્રેલર પડ્યું હતું. ત્યાં કંપનીનું બીજુ ટ્રેલર પડ્યુ હતું. તેના ડ્રાઈવરને એલ.આર. આપવા સાંજના છ વાગે મુર્ગનભાઈ ગયા હતા. તે સમયે ટ્રેલર નં.જી.જે.૦૬.એ.ઝેડ-૯૩૩૬નું કેબીન પડ્યું હતું પણ તેની ટ્રોલી જણાઈ ન હતી. જેથી શેઠને મોર્ગનભાઈએ જાણ કરતા પોલીસ ફરીયાદનું કીધુ હતું. પરંતુ આજે ધર્મેશભાઈએ મુર્ગનભાઈને પુછ્યુ હતુ કે ટ્રોલીની ફરીયાદ આપી છે. જેથી મુર્ગનભાઈએ ના પાડતા ધર્મેશભાઈએ રૂ.૩ લાખની કિંમતની ૪૦ ફુટ લાંબી પીળા કલરની અને ટાયર સાથેની ટ્રોલી નં. જી.જે.૦૬.એ.ઝેડ.-૯૩૩૬ ની ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# સરભરાનો વિડીયો વાયરલ કરનાર યુવક સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ શ્રીનગર સોસાયટી ખાતે રહેતા બે પરિવાર વચ્ચે સામાન્ય બાબતે માથાકુટ થતા ઉશ્કેરાઈ જતા મારામારી થઈ હતી. આ બનાવમાં સામસામે ફરીયાદ નોંધાઈ હતી. આ કેસમાં સેકટર-૨૧ પોલીસે બે આરોપીને પકડી પાડ્યા હતા.

ત્યારબાદ આરોપીઓને જેલના સળીયાની પાછળ ધકેલવાની જગ્યાએ બહાર રૂમમાં પંખા નીચે રાખ્યા હતા.

પોલીસે આરોપીની સરભરા કરી કરી રહી હોવાનો વિડીયો ફરીયાદીએ બનાવી વાયરલ કર્યો હતો. ત્યારે જિલ્લા પોલીસવડાએ વાયરલ વિડીયોની ગંભીર નોંધ લઈ સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈને સસ્પેન્ડ કર્યા હતા.

ત્યારે સેકટર-૨૧ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ દિલિપભાઈ વિનોદચંદ્રએ પોલીસ મથકમાં પ્રવેશ કરી વિડીયો બનાવી તેને વાયરલ કરનાર આરોપી જગદીશ અતુલભાઈ દેસાઈ (રહે સેકટર-૨૪ શ્રીનગર સોયાયટી ) સામે કલમ ૪૪૮ અને ૫૦૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# મુચ્છડ બાપુ કેફેમાં સર્જાયો ભક્તિનો માહોલ, સેંકડો લોકો રંગાયા હનુમાન ચાલીસાના રંગમાં

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર "અવર ગાંધીનગર ગ્રુપ દ્વારા છેલ્લા ૧૧ સપ્તાહથી ચાલી આવતા "કેફે હનુમાન ચાલીસાનો ૧૨મો પડાવ અમદાવાદ રિંગ રોડ પર આવેલા "મુચ્છડ બાપુ કેફેમાં યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો અમારી સાથે જોડાયા ખાસ કરીને ગુજરાતના પ્રખ્યાત કોમેડિયન પરપોટા ના નામથી જાણીતા કલ્પ ત્રિવેદીએ પણ ખાસ હાજરી આપી હતી.

પહેલીવાર કેફેમાં આ રીતે ભક્તિનો માહોલ જામેલો જોઈને સૌને અચરજ થઈ હતી અને ઉભેલા સૌ કોઈ બે હાથ જોડીને પ્રભુભક્તિમાં લિન થઈ ગયા હતા.

એક અનોખો માહોલ જોઈને ત્યાં ઉપસ્થિતિ સૌ કોઈ મંત્રમુગ્ધ પણ બન્યા હતાં.



સેક્ટર-૨૪ જુની શાકમાર્કેટ પાસે છેલ્લા કેટલાય સમયથી પાણીની પાઈપલાઈન લીકેજ થઈ રહી છે. જેના કારણે પાણીના ખાબોચિયા ભરાય છે. સતત અહી પાણી ભરાયેલુ રહેતુ હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે.

# કલોલના કોલેરાગ્રસ્ત વિસ્તારની ઝોન વિભાગીય નાયબ નિયામકની મુલાકાત



ગાંધીનગર,તા.૨૬

આજ રોજ કોલેરા અસરગ્રસ્ત વિસ્તારની વિભાગી યનાયબ નિયામકશ્રી ડૉ. એસ. મકવાણાએ કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેતા શંકાસ્પદ સાત દર્દીઓની મુલાકાત કરીને તમામ દર્દીઓનું જાત નિરીક્ષણ કરેલ અને આ દર્દીની મુલાકાત દરમ્યાન સારવાર લેતા તમામ દર્દીઓ ની હાલની પરિસ્થિતિને ધ્યાને રાખીને ફરજપરના તમામ ડોકટર સાથે ચર્ચા કરી.વધુમાં બાળકોના ડોકટર સાથે મુલાકાત કરીનેસારવાર સબંધી જરૂરી સૂચનાઓ આપવામાં આવી.સારવાર લેતા તમામ દર્દીઓ સાથે એક જ સગાએ રહેવું અને હોસ્પિટલમાં સ્વચ્છતા રહે તેની સામૂહિક આરોગ્ય કેન્દ્રના સુપ્રિટેન્ડેન્ટ સૂચના આપેલ.આ ઉપરાંત સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ છે કે નહિ તે અંગે સુનિશ્ચિત કરેલ ત્યારબાદ કોલેરા અસરગ્રસ્ત વિસ્તારના લોકોની ઘર મુલાકાત અને સાથે સાથે જે પાણીના સપ્લાય સ્થળની મુલાકાત પણ કરેલ.આ ઉપરાંત અસરગ્રસ્ત તમામ વિસ્તારમાં સર્વે કરતા આરોગ્ય કર્મચારી સાથે મીટિંગ કરીને સર્વે દરમ્યાન જરૂરી બાબતો વિશેની માહિતી આપેલ તેમજ સર્વે દરમ્યાન આરોગ્ય કર્મચારીઓને થતી મુશ્કેલી વિશે પણ માહિતી મેળવેલ.

## સિ.સિ.કા.ના સભ્યોના સંતાનોનું સન્માન

ગાંધીનગર, તા. ૨૬

સિ.સિ.કા.ના સભ્યોના પૌત્ર, પૌત્રી, દોહીત્ર, દોહીત્રી જેમણે માર્ચ-૨૦૨૩ ગુજરાત શિક્ષણ બોર્ડ તથા કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સી.બી.એસ.સી.)માં ધો. ૧૦ તથા ધો. ૧૨ સામાન્ય, વિજ્ઞાનપ્રવાહમાં પ્રથમ પ્રયાસે ૭૫ ટકાથી વધુ ગુણાંક મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓના ગુણપત્રક તા. ૩૦-૬-૨૩ સુધી કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે. ગુણપત્રકની પાછળ વિદ્યાર્થીનું નામ, વાલીનું નામ, અટક, સરનામુ, સંપર્ક નંબર, વિદ્યાર્થીનો સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્ય સાથેનો સંબંધ, સભ્યનું નામ, સરનામુ, સંપર્ક નંબર જેવી તમામ વિગતો ગુજરાતીમાં આપવાની રહેશે. ગાંધીનગરમાં વસવાટ કરતા દિવ્યાંગ વિદ્યાર્થી ધો. ૧૨, વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહમાં વર્ષ-૨૦૨૩માં ૭૫ ટકાથી વધુ ગુણાંક મેળવેલ હોય અને પ્રથમ પ્રયાસે પાસ કરેલ હોય તેની માર્કશીટ તા. ૩૦-૬-૨૩ સુધી કાર્યાલયમાં જમા કરવા અખબારી યાદીમાં જણાવ્યું હતું.


## શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.

Since 1959

"બનાસ ભવન" મુખ્ય કચેરી, ડીસા હાઈવે, પાલનપુર'૩૮૫૦૦૧

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

બેંકના તમામ સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, બેંકની ૭૪મી વાર્ષિક સાધારણ સભા તા.૧૦/૦૭/૨૦૨૩ ને સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, શ્રી કાનુભાઈ મહેતા સાંસ્કૃતિક ભવન, વિદ્યામંદિર કેમ્પસ, પોલીસ હેડકવાટર્સ પાસે, પાલનપુર મુકામે રાખવામાં આવેલ છે. તો તે સમયે સભાસદ અગર તો તેઓના અધિકૃત પ્રતિનિધિએ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે.

### કાર્યસૂચિ

૧. તા.૨૩/૦૯/૨૦૨૨ ના રોજ મળેલ બેંકની ૬૩મી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૨. તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ પુરા યતા વર્ષ આખરનો બેંકનો અહેવાલ, ઓડીટરશ્રીએ પ્રમાણીત કરેલ સરવૈયુ તથા નફા-નુકસાન પત્રક માન્ય રાખવા અને બેંકના સંચાલક મંડળની ભલામણ મુજબ નફાની વહેંચણીની મંજુરી આપવા કાંબત.
૩. બેંકના હિસાબોના ઓડીટ રીપોર્ટ બાબત.
૪. સને ૨૦૨૩–૨૦૨૪ ના વર્ષ માટે ઓડીટરશ્રીની નિમણુંક કરવા બાબત.
૫. શકમંદ લ્હેણામાંથી બેંકે આપેલ રાહતને બહાલ રાખવા બાબત.
૬. નામ.ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ "વનટાઈમ સેટલમેન્ટ યોજના'' અન્વયે થયેલ કામગીરી મંજુર રાખવા બાબત.
૭. બેંકના પેટા કાયદાનો સુધારો જે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા મંજુર રાખવામાં આવેલ છે. તે વંચાણે લેવા બાબત.
૮. બેંક માટે જમીન ખરીદવા થયેલ કાર્યવાહીને બહાલ રાખવા બાબત.
૯. અધ્યક્ષશ્રી તરફથી અગર તેઓશ્રીની મંજુરીથી જે કંઈ કામો રજુ થાય તે..

પાલનપુર
તા. ૨૬/૦૩/૨૦૨૩

સંચાલક મંડળના આદેશથી
એમ.બી. પટેલ
મેનેજીંગ ડીરેકટર

નોંધ :-

૧. સહકારી મંડળીઓને બેંકની વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવા માટે પોતાની મેનેજીંગ કમીટીના ઠરાવથી જે પ્રતિનિધિને મોકલવા ઠરાવ કરેલ હોય તેની નકલ બેંકને સભાના સમય પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવી.
૨. વાર્ષિક સાધારણ સભામાં કરવાના કામ અંગે ફકત સહકારી મંડળીના પ્રતિનિધિઓ અને વ્યકિત સભાસદના ડેલીગેટસ ભાગ લઈ શકશે.
૩. કોઈપણ સભાસદને બેંકના હિસાબો સંબંધમાં કોઈ માહીતી જોઈતી હોય તો તે બાબતે તા.૦૩/૦૭/૨૦૨૩ સુધીમાં બેંકની મુખ્ય કચેરીને લેખિત ખબર આપવા વિનંતી છે કે જેથી તે અંગે વ્યવસ્થા થઈ શકે.
૪. મીટીંગ જો નોન કોરમ થશે તો મીટીંગના અર્ધા કલાક પછી કોરમ થયું છે તેમ ગણી તે જ સ્થળે સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે જે પેટા કાયદાની કલમ ૨૮(૩)ની જોગવાઈ મુજબ કાયદેસર ગણાશે.


## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતના મહિલા કર્મચારી જલ્પાબેન પટેલ આજે ઓફિસ આવવા નીકળ્યા હતા અને રસ્તામાં કુતરૂ આવતાં તેઓ કાયનેટીક લઈ સ્લીપ થતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

● ગાંધીનગર મનપાને આજે મિલ્કતવેરાની આવક ૨૨ લાખ રૂ. થઈ છે.

● ગાંધીનગરમાં આજે સરકારી મા. શાળાના શિક્ષકોની બદલીનો કેમ્પ યોજાયો હતો.

● ગાંધીનગર શહેરમાં ઘ-૪ નજીકનો અંડરપાસ એક સાઈડનો બંધ કરાતાં વારંવાર ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા.

● ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે આજે તેમનો જન્મદિવસ સાદગીથી મનાવ્યો હતો.

● ગાંધીનગર ખાતે ૨૦ નવનિયુકત મદદનીશ પ્રાધ્યપકોને આજે નિયુક્તી પત્રો એનાયત કરવામાં આવ્યા છે.

● આજે સવારે ઓફિસ જવાના સમયે વરસાદ થતાં રિક્ષાવાળાઓને સારી આવક થઈ હતી.

● જય તાલિમ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફૂટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● દહેગામ પંથકમાં સુજલામ સુફલામની પીવાના પાણીની લાઈનની મરામત કરવામાં તંત્રની ઉદાસીનતાએ લોકજીભે ચર્ચાનો મુદ્દો બનેલ છે.

● ખોરજ ગામની સીમ નજીકથી ટ્રેક્ટર ટ્રોલીની ઉઠાંતરી થઈ.

● સાણોદા ગામની સીમમાં જુગાર રમતા બે ઈસમોને પોલીસે ઝડપી લીધા.

● રાજ્ય સરકારે છ આઈએફએસ અધિકારીઓને બઢતી આપતા હુકમો કર્યા છે.

● રાજ્ય સરકારે ૭ ચીફ ઓફિસરોની બદલીના હુકમો જારી કર્યા છે.

● સચિવાલયની ન્યુ ક્રેડિટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી ૨૮મીના રોજ યોજાશે. પાંચ બેઠકો માટેની ચૂંટણીમાં પ્રચાર અભિયાન ચરમસીમાએ પહોંચ્યુ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૫મા નાણાંપંચના કામો અને વહીવટીય કામગીરીની તપાસ માટે પોરબંદરની ટીમ આવી છે.

● ગાંધીનગર શહેરમાં જાહેર પાર્કિંગની સમસ્યા નવા વિસ્તારોમાં લોકોની ચિંતા બનીને ઉભરી છે. આડેધડ પાર્કિંગને કારણે રહીશોને પણ હાલાકી પડી રહી છે.

● જિલ્લા પંચાયતમાં ઘણા સમય પછી આજે સત્તાધારી પક્ષના સભ્યો દેખાયા હતા.

## જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ ખાતે વધુ એક ચક્ષુદાન

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં વધુ એકવાર ચક્ષુદાન પ્રાપ્ત થયુ છે. જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર સે. ૧૨ ખાતે સ્વ. ગુણવંતીબેન પ્રશાંતકુમાર દોશી (ઉં.વ. ૭૫)નું અવસાન થતાં તેઓના કુટુંબીજન શૈલેષકુમાર દોશીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન સ્વીકારવામાં આવ્યુ છે.

સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બેંક ખાતે પહોંચાડવામાં આવ્યા છે.


ટચૂકડી જાહેર ખબર

### નામ બદલેલ છે

મારું જુનું નામ ચૌહાણ તખતસિંગ મોહનસિંગ હતું. જે મારું નવું નામ બદલીને ચૌહાણ તખતસિંહ મોહનસિંહ રાખેલ છે.

સરનામું :
બ્લોક નં. ૨૦/૪, 'ચ' ટાઈપ, સેક્ટર-૨૯, ગાંધીનગર